# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **ભારતે PoKમા ધમધમતા નવ આતંકવાદી કેમ્પનો સફાયો કરીને જડબાતોડ જવાબ આપ્યો – એર ઈન્ડિયાએ ભૂજ રાજકોટ અને જામનગરની ફ્લાઈટ રદ કરી.**
2. **આજે રાજ્યના 18 જિલ્લાઓમાં મોકડ્રિલ અંતર્ગત અંધારપટ છવાશે - લોકોને સહયોગ આપવા સરકારની અપીલ.**
3. **સતત ત્રીજા દિવસે પણ આકાશી આફતને કારણે રાજ્યભરમાં વ્યાપક નુકસાન - છેલ્લા 24 કલાકમાં 137 તાલુકાઓમાં હળવોથી ભારે વરસાદ વરસ્યો**
4. **આગામી દસમી મે સુધી રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ વરસવાની હવામાન વિભાગની આગાહી.**
5. **આઇપીએલમાં ડીએલએસના નિયમ પ્રમાણે ગુજરાત ટાઇટન્સનો મુંબઇ ઇડિયન્સ સામે વિજય.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# OPRATION SINDOOR

પહલગામમાં આતંકવાદી હૂમલાનાં 15 દિવસ બાદ ભારતીય લશ્કરે ગઈ મધરાત્રે પાકિસ્તાન અને પાકિસ્તાનનાં કબ્જા હેઠળનાં કાશ્મીર- POKમાં હવાઈ હૂમલા કરીને આતંકવાદીઓનાં નવ અડ્ડા નષ્ટ કર્યા છે.

ઓપરેશન સિંદુર હેઠળની કાર્યવાહીનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાત્રિ દરમિયાન પરિસ્થિતિનું સતત મોનિટરિંગ કર્યું હતું.

સોશિયલ મિડિયા પ્લેટફોર્મ એક્સ પર સંરક્ષણ મંત્રીએ લખ્યું , ભારત માતા કી જય. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ ભારતીય લશ્કરની પ્રશંસા કરતા લખ્યું જય હિન્દ. જય હિન્દ કી સેના.

રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત દોભાલે અમેરિકામાં તેમના સમકક્ષ સાથે વાતચીત કરી હતી. અમેરિકામાં ભારતનાં દુતાવાસે પણ આ ઘટનાની પુષ્ટિ કરી હતી.

દરમિયાન, પાકિસ્તાને ફરી એક વાર સંઘર્ષ વિરામ ભંગ કર્યો છે. જમ્મુ કાશ્મીરમાં નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર ગોળીબાર કર્યો છે. ગોળીબારમાં ભારતનાં ત્રણ નિર્દોષ નાગરિકોનાં મૃત્યુ થયા છે. ભારતીય સેના ગોળીબારનો જડબાતોડ જવાબ આપી રહી છે.

પાકિસ્તાનમાં હવાઈ હૂમલાને પગલે ઉત્તરભારતના કેટલાંક વિમાનમથકોને બંધ કરી દેવામાં આવ્યા છે, જેમાં અમૃતસર, ધર્મશાલા, લેહ, જમ્મુ, શ્રીનગરનો સમાવેશ થાય છે.

ભારતીય સેના સવારે 10 કલાકે પત્રકાર પરિષદમાં ઓપરેશન સિંદુર અંગે વધુ માહિતી આપશે.

---

# AIRPORT CLOSE

પાકિસ્તાનમાં ભારતના હવાઈ હૂમલાને પગલે એર ઇન્ડિયાએ જમ્મુ, શ્રીનગર, લેહ, જોધપુર, અમૃતસર, ભુજ, જામનગર, ચંદીગઢ અને રાજકોટ વિમાનમથકેથી આજે બપોરે 12 વાગ્યા સુધીની તેની તમામ ફ્લાઇટ્સ રદ કરી છે.

એરસ્ટ્રાઇકને પગલે ઉત્તર ભારતના કેટલાંક વિમાનમથકોને બંધ કરી દેવામાં આવ્યા છે, જેમાં અમૃતસર, ધર્મશાલા, લેહ, જમ્મુ, શ્રીનગરનો સમાવેશ થાય છે. ઇન્ડિગો એરલાઇન્સે તેના પ્રવાસીઓને આ વિમાનમથકે ફ્લાઇટની સ્થિતિ ચકાસી લેવા સૂચના આપી છે.

---

# MOCK DRIL

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા આજે સિવિલ ડીફેન્સ મોક ડ્રીલનું આયોજન કરવાની સૂચના આપવામાં આવી છે. રાજ્યના 18 જિલ્લાઓમાં આજે સાંજે સાડા સાત વાગ્યાથી આઠ વાગ્યા સુધી અંધારપટ છવાશે. ત્યારે આ મોકડ્રિલ મામલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં તેમજ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, ચીફ સેકેટરી એ.સી.એસ. હોમ અને ડી.જી.પી.ની ઉપસ્થિતિમાં ગઇકાલે સાંજે તમામ જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજીને તમામ તૈયારીઓની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

આ બેઠકમાં GEB, અગ્નિશામક, વન, PWD, તબીબી, હોમગાર્ડ, મહેસૂલ, કલેક્ટર અને પોલીસ ડીપાર્ટમેન્ટ, મ્યુનીશીપલ કમિશનર જેવા વિવિધ વિભાગની તૈયારીઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ અંગે વિગતો આપતા સામાન્ય નાગરિકોએ મોકડ્રીલના સંદર્ભમાં વોર્નિંગ સિગ્નલ અને ઓલ ક્લીયર સિગ્નલ સમજવા અપીલ કરી હતી..

## બાઇટ- હર્ષ સંઘવી , ગૃહ રાજ્ય મંત્રી

હર્ષ સંઘવીએ નાગરિકોને સહેજ પણ ગભરાયા વિના આ મોકડ્રિલમાં સહયોગ આપવા અપીલ કરી હતી.

## બાઇટ- હર્ષ સંઘવી ગૃહરાજ્ય મંત્રી

---

# GANDHINGAR METRO MOCDRIL

ગાંધીનગરમાં આતંકવાદી હુમલાને લઈને મોકડ્રિલ કરાઈ હતી. સચિવાલય પાસે મેટ્રો સ્ટેશન પર આતંકવાદી હુમલો થયો હોવાની મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું.

NSG અને ચેતક કમાન્ડોના ઓપરેશન સાથે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા આસપાસનો વિસ્તાર કોર્ડન કરાયો હતો.

મોકડ્રિલના ભાગરૂપે ગાંધીનગર પોલીસ કંટ્રોલરૂમને આતંકવાદી હુમલાનો મેસેજ પણ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ત્વરિત કાર્યવાહી ચેતક કમાન્ડો, પોલીસ ફોર્સ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

---

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે. તેઓ ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવે તેવી શક્યતાઓ છે.  આગામી 15,16 અને 17 મે ત્રણ દિવસનો ગુજરાતનો તેમનો સંભવિત  પ્રવાસ છે. અમિત શાહ ગાંધીનગર સંસદીય વિસ્તારના અલગ અલગ કાર્યક્રમો હાજરી આપે તેવી શક્યતાઓ છે..

---

# WORLD ATHLETICS DAY

આજે વિશ્વ એથ્લેટિકસ દિવસ છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા રમતને વધુ પ્રોત્સાહન આપવા એથ્લેટિકસમાં ચંદ્રક જીતેલા ખેલાડીઓને સ્પોર્ટ્સ ક્વોટા અંતર્ગત સરકારી નોકરી આપવામાં આવી છે.

સાંભળીએ એક અહેવાલ..

## (વોઇસ કાસ્ટ: મયુર સોલંકી)

રાજ્યનાં ખેલાડીઓએ રમત ગમત ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરીને અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. એથ્લેટિકસ રમતોથી રાજ્યના 50થી વધુ ખેલાડીઓએ કેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગોમાં નોકરી મેળવી છે. દેશની સુરક્ષાને વધુ મજબૂત બનાવવા 16 રમતવીરો ભારતીય સેનામાં જ્યારે બે ખેલાડીઓ ભારતીય વાયુ સેનામાં જોડાયા છે.  આ ઉપરાંત એથ્લેટિકસ રમતમાં જોડાઈને 11 ખેલાડીઓએ ભારતીય ટપાલ સેવામાં જ્યારે બે ખેલાડીઓ દિલ્હી ખાતે આવકવેરા વિભાગમાં, 6 રમતવીર ભારતીય રેલવે, તેમજ અન્ય 6 ખેલાડીએ ગુજરાત પોલીસમાં નોકરી મેળવી છે.

**મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ**

---

# STATE RAIN

સમગ્ર  રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી વરસી રહેલી આકાશી આફતને પરિણામે વ્યાપક નુકસાન થયું છે..  સમગ્ર ગુજરાતમાં કામોસમી વરસાદને લીધે જન જીવન અસર થવા પામ્યું છે. ગઇકાલે સાંજથી સવારના 4 વાગ્યા સુધીમાં સમગ્ર રાજ્યમાં 137 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે.

ભાવનગરના મહુવામાં સૌથી વધુ સાડા 6 ઇંચ કરાતા પણ વધારે વરસાદ નોંધાયો છે. ઉપરાંત બનાસકાંઠાના વડગામ તથા અમરેલીના લાઠી , લિલિયા અને સાવરકુંડલામાં અંદાજિત 2થી અઢી ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

રાજ્યના વડોદરા , સુરત, નવસારી , વલસાડ તેમજ ભાવનગર સહિતના જિલ્લાઓમાં પડેલા ભારે વરસાદને કારણે ખેડૂતોને મોટાપાયે નુકસાન થયું છે. ખાસ કરીને કેરી પકવતા ખેડૂતોને આર્થિક ફટકો પડ્યો છે..

નવસારીના અમારા પ્રતિનિધિ જણાવે છે કે ગઇકાલે પણ જીલ્લામાં વરસાદ વરસતા ઉભા પાકને નુકસાન થયું છે.

દિવના અમારા પ્રતિનિધિ જણાવે છે કે ,ગઇકાલે મોડીસાંજે દિવમાં ભારે વરસાદ વરસ્યો હતો .

---

# ARVALLI – PAK NUKSAN

અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદથી ડુંગળીના બિયારણ વાવતા ખેડૂતોને નુકસાન થયું છે. ધનસુરા તાલુકાના કમાલિયાકંપા સહિતના વિસ્તારોમાં ખેડૂતોએ અંદાજે પચાસ વીઘામાં ડુંગળીના બિયારણની ખેતી કરી હતી. ચાલુ વર્ષે બદલાતા

વાતાવરણથી ઓછા ઉત્પાદનની આશા હતા , એવામાં કમોસમી વરસાદ થતાં , હવે વધુ નુકસાન થવાની શક્યતાઓ ખેડૂતોએ વ્યક્ત કરી છે.

**બાઈટ : પ્રવીણભાઈ પટેલ, ખેડૂત**

---

# WEATHER

હવામાન વિભાગ દ્વારા 10મે સુધી ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ત્રણથી ચાર દિવસમાં રાજ્યમાં મહતમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાશે.

અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં મહતમ 35 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહેશે. અચાનક 60થી 70 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. ગત દિવસે રાજ્યમાં મહતમ તાપમાન રાજકોટ ખાતે 40 ડિગ્રી સેલ્સિયસ, અમદાવાદ, અમરેલી અને ભાવનગર ખાતે 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

**બાઇટ- એ.કે.દાસ, વડા હવામાન વિભાગ**

---

# IPL

IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સે ગઈ કાલે રાત્રે વાનખેડે સ્ટેડિયમ ખાતે વરસાદથી પ્રભાવિત છેલ્લાં બોલની રોમાંચક મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે DLS પદ્ધતિ દ્વારા ચાર વિકેટથી જીત મેળવી હતી. આ જીત સાથે ગુજરાત ટાઇટન્સ પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે , જ્યારે મુંબઇ ઇન્ડિયન્સ ચોથા સ્થાને આવી ગયું છે.

પહેલા બેટિંગ કરવા માટે આમંત્રણ મળ્યા બાદ મુંબઈએ નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 155 રન બનાવ્યા હતા. વિલ જેક્સે 53 રન અને સૂર્યકુમાર યાદવે 35 રનનું યોગદાન આપ્યું. ગુજરાત ટાઇટન્સ વતી સાઈ કિશોરે 2 વિકેટ ઝડપી હતી.

જવાબમાં ગુજરાત ટાઇટન્સે વરસાદના બે વિક્ષેપો બાદ મેચના છેલ્લા બોલ પર 147 રનના સુધારેલા લક્ષ્યાંકનો પીછો કર્યો હતો. સુકાની શુભમન ગિલે 46 બોલમાં 43 રન બનાવ્યા હતા. તેમને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. મુંબઈ તરફથી ટ્રેન્ટ બોલ્ટ , જસપ્રિત બુમરા અને અશ્વની કુમારે બે-બે વિકેટ ઝડપી હતી.